ફેક્સ : (૦૭૯) ૨૬૩૦૨૬૫૪
ટેલીફોન : ૨૬૩૦૧૩૪૧–૨૬૩૦૦૩૪૨–૪૩
૨૬૩૦૦૧૨૬ અને૨૬૩૦૦૬૬૪
ટેલીગ્રામ : યુનિ.ગુજરાત

FAX : (079) 26302654 & 26306194
Phone : 26301341-26300342-43,
26300126 & 26300664
Gram : UNIGUJARAT

# ગુજરાત યુનિવર્સિટી
# GUJARAT UNIVERSITY

ગુજરાત યુનિવર્સિટી કાર્યાલય
પોસ્ટ બોક્ષ નં ૪૦૧૦
નવરંગપુરા, અમદાવાદ–૩૮૦ ૦૦૯.

OFFICE OF THE GUJARAT UNIVERSITY
POST BOX NO.4010, NAVRANGPURA
AHMEDABAD-380 009.

ક્રમાંક: પરિક્ષા/4-અ/8555/2022 તા.01-01-2022

પરિપત્ર: 248

આથી ગુજરાત યુનિવર્સિટી સંલગ્ન એજ્યુકેશન વિદ્યાશાખાના આચાર્યશ્રી જણાવવાનું કે સરકારશ્રીની ગાઈડલાઈન તથા COVID-19ની પરિસ્થિતિને ધ્યાને લઈને ગુજરાત યુનિવર્સિટીની વિવિધ પરીક્ષાઓ યોજાનાર છે, સદર પરીક્ષાઓના આવેદનપત્રો નીચે દર્શાવેલ તારીખ મુજબ ગુજરાત યુનિવર્સિટી કાર્યાલયને મોકલી આપવા જણાવવામાં આવે છે.

| ક્રમાંક | પરીક્ષાનું નામ | સેમેસ્ટર | Fee | | | | ગુજ.યુનિ. દ્વારા પરીક્ષા ફોર્મ પોર્ટલ પર મુકવાની તારીખ | કોલેજ દ્વારા લેટ ફી વગર પરીક્ષા ફોર્મ ઓનલાઈન પોર્ટલ પર અપલોડ કરવાની છેલ્લી તારીખ | કોલેજ દ્વારા લેટ ફી રૂ.૫૦૦/- સાથે પરીક્ષા ફોર્મ ઓનલાઈન પોર્ટલ પર અપલોડ કરવાની છેલ્લી તારીખ | કોલેજ દ્વારા લેટ ફી રૂ.૨૦૦૦/- સાથે પરીક્ષા ફોર્મ ઓનલાઈન પોર્ટલ પર અપલોડ કરવાની છેલ્લી તારીખ | પરીક્ષાની સંભવિત તારીખ |
|---|---|---|---|---|---|---|---|---|---|---|---|
| | | | Exam Fee | Prac-tical Fee | Form Fee | Total | | | | | |
| 1 | 2 | 3 | 4 | 5 | 6 | 7 | 8 | 9 | 10 | 11 | 12 |
| 1 | B.Ed. | 4 | 250 | 150 | 25 | 425 | 01-01-22 | 11-01-22 | 13-01-22 | 17-01-22 | - |

1. ઉપરોક્ત પરિક્ષા માટે ઓનલાઈન પરિક્ષા ફ્રોર્મ http://www.gujaratuniversity.ac.in/web/પર ભરવાના રહેશે આપની સંસ્થામાં આગામી પરિક્ષાઓમાં બેસનાર પ્રોગ્રામ દીઠ-સેમસ્ટર દીઠ–રેગ્યુલર-રીપીટર દીઠ વિદ્યાર્થીઓની સંખ્યા પ્રમાણે વિગતો ઓનલાઈન ભરી, ચલણજનરેટ કરી અને પ્રિન્ટ લઈ પરિક્ષા ફી ચલણદીઠ **"કુલસચિવ, ગુજરાત યુનિવર્સિટી, અમદાવાદ-380009"ના નામના અલગ અલગ ચેક(સંસ્થાના બેંક ખાતાનો) /ડિમાન્ડ ડ્રાફ્ટ (ચેક /ડિમાન્ડ ડ્રાફ્ટ કોઈપણ સંજોગોમાં** રીટર્ન થાય તો રૂપિયા 2000/- ચેક રીટર્ન ચાર્જ ચૂકવવાનો રહેશે) કઢાવી બારી નં- 19, ગુજરાત યુનિવર્સીટી પરના કોટક બેંક કાઉન્ટર પર નિયત તારીખ સુધીમાં જમા કરાવવાની રહેશે. (પરીક્ષા ફી ઓનલાઈન તેમજ ઓફલાઈન મોડથી ભરી શકાશે)
2. કોલમ નં. ૦૯માં દર્શાવેલ તારીખે રાત્રે ૧૧.૫૯ કલાક સુધીમાં વેબસાઈટ પર ઓનલાઈન એન્ટ્રી પૂર્ણ કરી ચલણ જનરેટ કરવાથી લેટ ફી રૂપિયા ૫૦૦/- લાગશે નહિ, એન્ટ્રી પૂર્ણ કરી કોલમ નં. ૦૯માં દર્શાવેલ તારીખથી કામકાજના બે દિવસમાં વિદ્યાર્થીની યાદીની બે નકલમાં પ્રિન્ટ લઈ યુનિવર્સિટી કાર્યાલયમાંજમા કરાવવાની રહેશે. એવી જ રીતે કોલમ ૧૦માં દર્શાવેલ તારીખ સુધીમાં વેબસાઈટ પર ઓનલાઈન એન્ટ્રી પૂર્ણ કરી ચલણ જનરેટ કરવાથી રૂપિયા ૫૦૦/-થી વધુ લેટ ફી લાગશે નહિ, એન્ટ્રી પૂર્ણ કરી કોલમ નં. ૧૦માં દર્શાવેલ તારીખ પછી કાર્યરત બે દિવસ સુધીમાં ફોર્મ તેમજ વિદ્યાર્થીની યાદીની બે નકલમાં પ્રિન્ટ લઈ યુનિવર્સિટી કાર્યાલયમાં જમા કરાવવાની રહેશે.

3. પરિક્ષા આવેદનપત્ર સાથે રીપીટર વિદ્યાર્થીએ પાસ કરેલ તમામ પ્રયત્નોના ગુણપત્રકની નકલ અવશ્ય બિડવાની રહેશે અને આવા રીપીટર વિદ્યાર્થીઓનું બંડલ અલગથી જમા કરાવવું ફરજિયાત છે. તેના વગર ફોર્મ સ્વિકારવામાં આવશે નહીં, જેની નોંધ લેવી.
4. યુનિવર્સિટી ખાતે આવેદનપત્ર મોકલતા અગાઉ તમામ પ્રકારની ચકાસણી કરી લેવી જેથી બાદમાં સુધારાવધારા કરવા માટેની કોઈ કાર્યવાહી કરવી પડે નહીં.
5. અધુરી કે ખોટી વિગતોવાળા આવેદનપત્રો મોકલવામાં આવશે અને તેના કારણે વિદ્યાર્થીના નામમાં, વિષયમાં, ફોટામાં, એનરોલમેન્ટ નંબરમાં કે અન્ય કોઈ બાબતમાં ક્ષતિ જણાશે તો તે અંગે યુનિવર્સિટીની કોઈ જવાબદારી રહેશે નહીં.
6. **કોલેજોએ કોઈપણ સંજોગોમાં વિદ્યાર્થીઓને યુનિવર્સિટી કાર્યાલય ખાતે ફોર્મ જમા કરાવવા મોકલવા નહીં, જેની ખાસ નોંધ લેવી.**
7. સંસ્થાએ પરિક્ષાના ફોર્મની એન્ટ્રી માટે ફાળવવામાં યુઝર આઈ.ડી. (કોલેજ કોડ) તથા પાસવર્ડનો ઉપયોગ કરવાનો રહેશે. આપની સંસ્થામાં આગામી પરિક્ષાઓમાં બેસનાર પ્રોગ્રામ દીઠ સેમસ્ટર દીઠ વિદ્યાર્થીઓની સંખ્યા પ્રમાણે વિગતો ઓનલાઈન ભરી નેટ બેન્કિંગ મારફતે પેમેન્ટ કરી, જનરેટ થયેલ ચલણની પ્રિન્ટ લઈ એક કોપી એકાઉન્ટ વિભાગ તથા એક કોપી પરિક્ષા વિભાગ ખાતે ફોર્મ સાથે જમા કરાવવાની રહેશે. જો કોઈ તકલીફ જણાય તો રોલવાલા કોમ્પ્યુટર સેન્ટરનો સંપર્ક કરવો.
8. દરેક પ્રોગ્રામ દીઠ સેમસ્ટર દીઠ ચલણ તથા ફી ની રકમ અલગ-અલગ જમા કરાવવાની રહેશે.
9. જે વિદ્યાર્થીઓએ યુનિવર્સીટીની બાહ્ય (External) પરીક્ષા પાસ કરેલ હોય પરંતુ માત્ર આંતરિક (Internal) પરીક્ષાજ પાસ કરવાની બાકી હોય તેવા વિદ્યાર્થીઓએ પણ સબંધિત સેમેસ્ટર ના પરીક્ષા ફોર્મ અચૂક ભરવાના રહેશે. યુનિવર્સીટીની પરીક્ષા શરુ થયા બાદ આવા કોઈપણ ફોર્મ સ્વીકારી શકાશે નહિ જેની નોંધ ખાસ નોંધ લેવી.

પરિક્ષા નિયામક

પ્રતિ,

1. ગુજરાત યુનિવર્સિટી સંલગ્ન આર્ટ્સ, કોમર્સ, સાયન્સ, લો, એજ્યુકેશન વિદ્યાશાખાના આચાર્યશ્રી/ભવનોના અધ્યક્ષશ્રી/માન્ય અનુસ્નાતક કેન્દ્રોના અધ્યક્ષશ્રીઓ તરફ.
2. માનનીય કુલપતિશ્રી તથા ઉપકુલપતિશ્રીના અંગત સચિવશ્રી તરફ.
3. માનનીય કુલસચિવશ્રીના અંગત મદદનીશશ્રી તરફ.
4. તમામ વિભાગોના વડાશ્રીઓ/અધ્યક્ષશ્રીઓ તરફ.
5. ડાયરેક્ટશ્રી, રોલવાલા કોમ્પ્યુટર સેન્ટર તરફ.
6. પરિક્ષા વિભાગના તમામ અધિકારીશ્રીઓ/કર્મચારીશ્રીઓ તરફ.
7. ઈન્ફોર્મેશનસેન્ટરતરફ.